અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓ કે જેઓના કુટુંબની વાર્ષિક આવક ₹૨.૫૦ થી ₹૬.૦૦ લાખ સુધીની છે તેવા કુમાર વિદ્યાર્થીઓને રાજ્ય સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ફ્રીશીપકાર્ડ આપવા બાબત.

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક : SJED/ASO/e-file/17/2026/1256/G,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૧૯-૦૫-૨૦૨૬

**વંચાણમાં લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક : SJED/ASO/e-file/17/2025/2853/G, તા.૧૬-૦૫-૨૦૨૬.

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો પત્ર ક્રમાંક : DSCWG/WRN/e-file/224/2026/0722/G 1, તા.૦૭-૦૩-૨૦૨૬.

**આમુખ:-**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ-૧ મુજબના ઠરાવથી, અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓ કે જેઓના કુટુંબની આવક ₹૨.૫૦ થી ₹૬.૦૦ લાખ સુધીની છે તેવા કુમાર વિદ્યાર્થીઓને રાજ્ય સરકારશ્રીની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના (BCK-5A) હેઠળ શિષ્યવૃત્તિ આપવા અંગેની બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

૨. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના વંચાણે લીધેલ ક્રમ-૨ મુજબના પત્રથી, અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓ કે જેઓના કુટુંબની વાર્ષિક આવક ₹૨.૫૦ થી ₹૬.૦૦ લાખ સુધીની છે તેઓને તેવા કુમારોને રાજ્ય સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ફ્રીશીપકાર્ડ આપવા બાબતે દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ</u>:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તક, **અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓ કે જેઓના કુટુંબની વાર્ષિક આવક ₹૨.૫૦ થી ₹૬.૦૦ લાખ સુધીની છે તેવા કુમાર વિદ્યાર્થીઓને રાજ્ય સરકારશ્રીની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના (BCK-5A) હેઠળ, જિલ્લા કચેરીઓ પાસેથી ફ્રીશીપકાર્ડ મેળવી સંસ્થાને રજૂ કરીને, સંસ્થામાં એડમીશન લેતી વખતે શિક્ષણ ફી ભરવી ન પડે તે માટે સદરહુ યોજના અંતર્ગત ફ્રીશીપકાર્ડ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.**

૩.. ફ્રીશીપકાર્ડનો નમુનો આ સાથે સામેલ રાખવામાં આવેલ છે.

૪. આ યોજનાનો અમલ કેન્દ્ર પુરસ્કૃત પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના મુજબ થતો હોઈ, આ યોજના હેઠળ ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવતી વખતો વખત ગાઈડલાઈનની તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ ઉપર માન.મંત્રીશ્રી(સા.ન્યા)ની તા.૧૯-૦૫-૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-

( સંતોષ વસાવા )

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ગુજરાત સરકાર

**પ્રતિ,**

- માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે નાયબ નિયામકશ્રીઓ (અ.જા.) – મારફતે: નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ - વિભાગની વેબસાઈટમાં

ગ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે.

- શાખા પસંદગી ફાઈલ-૨૦૨૬.

****************************************************************************************************

Signature Not Verified

Signed by:SantoshKumar Sureshbhai Vasava
Section Officer
Date:2026.05.19
17:37:37 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

**"અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના (BCK-5A)" અંતર્ગત વખતો વખતની સુધાર્યા મુજબની ગાઇડલાઇન મુજબ સરકાર માન્ય સ્વનિર્ભર (સેલ્ફ ફાઇનાન્સ) સંસ્થાઓ/કોલેજોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓ માટે ફ્રીશીપકાર્ડ**

આથી દાખલો આપવામાં આવે છે કે શ્રી ................................................................. રહે...................... તા.................... જિ........................ ના ધર્મે...................... અને જાતે.................. છે, જે જાતિને સરકારશ્રીએ અનુસૂચિત જાતિ તરીકે માન્ય કરેલ છે તથા વિદ્યાર્થી તરફથી રજૂ કરવામાં આવેલ માહિતી અનુસાર તેમના મા–બાપ/વાલીની સને.................... ની વાર્ષિક આવક રૂપિયા ............................. (.................................................................) છે.

વિદ્યાર્થી શૈક્ષણિક વર્ષ ..................... માં ................................... અભ્યાસક્રમમાં દાખલ થવા માંગે છે તેઓને દાખલ કરવા ભલામણ છે. જો વિદ્યાર્થી કોર્ષ બદલે તો તેઓએ અગાઉથી સંબધિત જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીની મંજૂરી લેવાની રહેશે.

આ કાર્ડ ફક્ત એક કોલેજ/સંસ્થા માટે માન્ય છે. વિદ્યાર્થી જે કોલેજમાં દાખલ થવાનું નક્કી કરે તે જ કોલેજમાં આ કાર્ડ આપે અને આ કાર્ડ એક અભ્યાસક્રમ માટે એક જ વાર લેવાનુ રહેશે. જે વિદ્યાર્થી આ કાર્ડ મેળવી કોલેજ/સંસ્થામાં પ્રવેશ મેળવે તેણે નિયમાનુસાર Digital Gujarat Portal પર અથવા સરકારશ્રી નક્કી કરે તે મુજબ શિષ્યવૃતિ મેળવવા બાબતનુ ફોર્મ "Post Matric Scholarship for SC Boys student only (Having annual family income 2.50 to 6.00 Lac) (State Government Scheme) (BCK-5A) (FreeShipCard Student Only)" યોજનામાં ભરવાનુ રહેશે.

"અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓને રાજ્ય સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના(BCK-5A)" ના વખતો વખતના ધારાધોરણ ધ્યાને લઇ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવવામાં આવશે જે વિદ્યાર્થી/સંસ્થાને બંધનકર્તા રહેશે.

ઉક્ત યોજનાનો અમલ કેન્દ્ર સરકારશ્રીની યોજના મુજબ કરવામાં આવે છે જેથી નવી ગાઇડલાઇન મુજબ વર્ષ:૨૦૨૧–૨૨થી શિક્ષણફી સહિતની તમામ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીના ખાતામાં જ જમા કરવામાં આવે છે. જેથી વિદ્યાર્થીએ શિષ્યવૃત્તિ મળ્યેથી ૭ કામકાજના દિવસની અંદર પોતાની કોલેજ/સંસ્થાને ચુકવવા પાત્ર ફી ફરજિયાત ચુકવી દેવાની રહેશે. જો વિદ્યાર્થી આવી ફી સમયમર્યાદામાં નહિ ભરે તો સંબધિત કોલેજ/સંસ્થા વિદ્યાર્થી સામે નિયમાનુસાર કાર્યવાહી કરી શકશે.

નંબર : નાયબ નિયામક

તારીખ : અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

જિ..............................

**<u>વિદ્યાર્થીએ આપવાની બાહેધરી</u>**

આથી હુ બાંહેધરી આપુ છું કે આવક / જાતિ તેમજ આ કાર્ડ મેળવવા માટેની અરજીમાં મે જે વિગતો રજૂ કરી છે તે જો ખોટી ઠરશે અથવા બીજા કોઇ પણ કારણસર જો હુ શિષ્યવૃત્તિને પાત્ર ન ઠરૂ તો તમામ શિષ્યવૃત્તિ સરકારશ્રીમાં પરત જમા કરીશ તેમજ અમારી સામે જે નિયમાનુસાર પગલા લેવામાં આવશે તેને હું બંધનકર્તા રહીશ. વધુમાં શિષ્યવૃતિનુ ફોર્મ Digital Gujarat Portal પર અથવા સરકારશ્રી નક્કી કરે તે મુજબ નિયમાનુસાર ભરવાનુ છે તેની મને જાણ છે તેમજ શિષ્યવૃત્તિ મળ્યેથી ૭ કામકાજના દિવસમાં અમો કોલેજ/સંસ્થામાં ભરવી પડતી ફી કોલેજ/સંસ્થામાં ભરવા બાહેધરી આપીએ છીએ. જો અમો આવી ફી સમયમર્યાદામાં કોલેજ/સંસ્થામાં નહિ ભરીએ તો સંબધિત કોલેજ/સંસ્થા અમારી સામે નિયમાનુસાર કાર્યવાહી કરી શકશે જેની અમોને જાણ છે.

તારીખ: વિદ્યાર્થીની સહી